ડીએ ૧૦૦ ટકાથી વધારી ૧૦૭ ટકા કરવા તૈયારી

નવી દિલ્હી,તા. ૩૧

કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થાને વધારવા માટેની ગણતરી કેન્દ્ર સરકાર દ્વારા કરી લેવામાં આવી છે. મોંઘવારી ભથ્થા અથવા તો ડીએને ૧૦૦ ટકાથી વધારીને ૧૦૭ ટકા કરવાની દરખાસ્તને ટૂંકમાં મંજુરી આપવામાં આવે તેવી શક્યતા છે. કેન્દ્ર સરકારની આ હિલચાલથી આશરે ૩૦ લાખ કર્મચારી અને પેન્શન મેળવનારને ફાયદો થશે. ૫૦ લાખ પેન્શન મેળવનાર લોકોને પણ ફાયદો થશે. કેન્દ્ર સરકારના એમ્પ્લોઇઝ યુનિયને મોંઘવારી ભથ્થામાં સાત ટકાના વધારાની દરખાસ્તને લઇને નારાજગી વ્યક્ત કરી છે. કારણ કે, સાતમાં પગાર પંચ અને સરકારે મૂળભૂત પગાર સાથે ડીએને મર્જ કરવાની તેમની માંગણી તરફ ધ્યાન આપવામાં આવ્યું નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, ઔદ્યોગિક કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થુ પહેલી જુલાઈ ૨૦૧૩થી ૩૦મી જૂન ૨૦૧૪ સુધી ૭.૨૫ ટકા હતું આ દૃષ્ટિએ કેન્દ્ર સરકાર અને કર્મચારીઓના મોંઘવારી ભથ્થાને સાત ટકા વધારશે. શ્રમ મંત્રાલય દ્વારા ઔદ્યોગિક કર્મચારીઓ માટે

ફુગાવાના આંકડા જારી કરી દીધા છે. તેનું કહેવું છે કે, નાણામંત્રાલય આ વર્ષે પહેલી જુલાઈથી મોંઘવારી ભથ્થાને સાત ટકા વધારવાની મંજુરી માટે પ્રધાનમંડળ સમક્ષ દરખાસ્ત રજૂ કરશે. અગાઉ યુપીએ સરકારે ભથ્થા સુધારાની ફોર્મ્યુલાના આધાર પર ૨૮મી ફેબ્રુઆરીના દિવસે પહેલી જાન્યુઆરીથી મોંઘવારી ભથ્થાને ૯૦ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરવાની જાહેરાત કરી હતી. કેન્દ્રીય કર્મચારી સંગઠન ખુશ દેખાઈ રહ્યા નથી. સાતમાં પગાર પંચ અથવા તો સરકારે તેમની મૂળભૂત માંગણી તરફ ધ્યાન આપ્યું નથી. કમ્ફડરેશન ઓફ સેન્ટ્રલ ગર્વન્મેન્ટ એમ્પ્લોઇઝના અધ્યક્ષ કેકેએન કુટ્ટીનું કહેવું છે કે, મોંઘવારીના કારણે પગારના વાસ્તવિક મુલ્યમાં ઘટાડો થયો છે. હવે જ્યારે મોંઘવારી ભથ્થુ ૧૦૭ ટકા થવા જઇ રહ્યું છે ત્યારે કર્મચારીઓને રાહત આપવા માટે મોંઘવારી ભથ્થાને મૂળ પગારમાં સામેલ કરવાનો સમય આવી ગયો છે. તેમણે કહ્યું છે કે, અમે સાતમા પગાર પંચ સમક્ષ આ સંદર્ભમાં મેમોરેન્ડમ રજૂ કરી ચુક્યા છે. પંચે કેન્દ્ર સરકાર સમક્ષ આની રજૂઆત કરી છે. નવી રચાયેલી એનડીએ સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાને લઇને અમે ખુશ છીએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મિશન જાપાનનો આજે બીજો દિવસ છે. મોદી અને જાપાની વડાપ્રધાન વચ્ચેનાં ગાઢ સંબંધો તેમની આગતા સ્વાગતાથી જોવા મળતા હતા આજે બીજા દિવસે તેમણે ક્યોટોનાં ઐતિહાસિક તોજી મંદિરની મુલાકાત લીધી હતી. ક્યોટોનાં સ્થાનિકો તેને સ્માર્ટ સિટી કહે છે. જે સાંસ્કૃતિક પરંપરાઓ અને આધુનિકતાનો મેળ છે. મોદી સાથે અહીં જાપાનના વડાપ્રધાન શિંજે આબે પણ હતા. વડાપ્રધાન આ મંદિરમાં આશરે આઠ કલાક જેટલો સમય રહ્યા હતા.

કોલસા કૌભાંડ : સુપ્રીમમાં મંગળવારે સુનાવણી કરાશે

નવીદિલ્હી,તા. ૩૧

સમગ્ર દેશને હચમચાવી મુકનાર કોલસા કૌભાંડમાં મહત્વપૂર્ણ સુનાવણી સુપ્રીમ કોર્ટમાં મંગળવારના દિવસે હાથ ધરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. કોલસા કૌભાંડમાં થનારી આ મહત્વપૂર્ણ સુનાવણી ઉપર તમામની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ સીબીઆઈ ઘણી બધી વિગતો રજૂ કરે તેવી શક્યતા છે.

રજી કૌભાંડમાં ચાલી રહેલી ટ્રાયલમાં વિલંબ મુકવા ચોક્કસ હિત ધરાવતા લોકો દ્વારા વાસ્તવિકતાઓને ખોટી રીતે રજૂ કરવા અંગે કોર્ટ સમક્ષ સીબીઆઈ રજૂઆત કરે તેવી શક્યતા છે. સીબીઆઈમાં સૂત્રોએ કહ્યું છે કે, વકીલે તેના વલણ અંગે પહેલાથી જ માહિતી આપી દેવામાં આવી છે. સુપ્રીમ કોર્ટને તપાસ સંસ્થા દ્વારા કેટલીક રજૂઆતોના સંદર્ભમાં પણ માહિતી આપવામાં આવશે. સીબીઆઈ તાતા-યુનિટેક સમજૂતિમાં કરવામાં આવેલી પ્રગતિ અંગે પણ સુપ્રીમ કોર્ટને માહિતી આપશે. આ સમજૂતિમાં સીબીઆઈએ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય હેઠળ સિરિયસ ફ્રોડ ઇન્વેસ્ટીગેટિંગ ઓફિસનો અહેવાલ માંગવામાં આવ્યો છે. કોર્પોરેટ બાબતોના મંત્રાલયનું કહેવું છે કે, યુનિટેક રજી સ્પેકટ્રમ લાયસન્સ મેળવવામાં તાતા ગ્રુપ માટે ફ્રન્ટ કંપની તરીકે હતી. સીબીઆઈના વકીલ સુપ્રીમ કોર્ટ સમક્ષ એવી માહિતી પણ આપી શકે છે કે, સીબીઆઈ તપાસ ટીમના ભાગરુપે પણ અડચણો કેમ રહી છે. સુપ્રીમ કોર્ટના ઇશારે સીબીઆઈએ પહેલાથી જ તમામ સંબંધિત દસ્તાવેજો અને રેકોર્ડ વરિષ્ઠ વકીલ કેકે વેણુગોપાલને આપી દીધા છે. સીબીઆઈના ડિરેક્ટર રણજીત સિંહા દ્વારા આપવામાં આવેલા અભિપ્રાય અંગે પણ માહિતી અપાઈ છે. રિલાયન્સ ટેલિકોમ લિમિટેડ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં સિંહા દ્વારા આપવામાં આવેલા અભિપ્રાયની માહિતી અપાઈ છે. સીબીઆઈના ડિરેક્ટર કઇ ચુક્યા છે કે, તપાસ સંસ્થાએ કાયદો અને ન્યાય મંત્રાલયના અભિપ્રાય લીધા ન હતા.

ગોવાના રાજ્યપાલ તરીકે મૃદુલાના શપથ

પણજી,તા. ૩૧

જાણિતા પટકથાકાર અને ભાજપના વરિષ્ઠ નેતા મૃદુલા સિંહાએ આજે ગોવાના રાજ્યપાલ તરીકેના શપથ લીધા હતા. બીવી વાંચુના રાજીનામા બાદ આ જગ્યા ખાલી થઈ હતી. મુંબઈ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ મોહિત શાહ

દ્વારા મૃદુલા સિંહાને હોદ્દા અને ગુમતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકર અને અન્ય ટોચની હસ્તીઓ રાજભવન ખાતે ઉપસ્થિત રહી હતી. ગોવામાં વાંચુના રાજીનામા બાદ ફુલટાઈમ રાજ્યપાલ ન હતા. વીવીઆઈપી હેલિકોપ્ટર સોદાબાજી કૌભાંડમાં તેમની ભૂમિકાને લઈને પ્રશ્નો ઉઠ્યા બાદ વાંચુએ રાજ્યપાલ તરીકે રાજીનામુ આપી દીધું હતું. ૭૧ વર્ષીય સિંહા ફુલટાઈમ ચાર્જ સાથે રાજ્યના પ્રથમ મહિલા રાજ્યપાલ બન્યા છે. બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં છપરા ગામ ખાતે ૨૭મી નવેમ્બર ૧૯૪૨ના દિવસે તેમનો જન્મ થયો હતો. સિંહા જાણિતા હિન્દી લેખક છે. સાથે સાથે માનવ સંસાધન વિકાસ મંત્રાલયના સેન્ટ્રલ સોશિયલ વેલ્ફેર બોર્ડના પૂર્વ ચેરમેન પણ છે. ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકે પણ તેઓ ભુતકાળમાં સેવા આપી ચુક્યા છે. તેઓએ જયપ્રકાશ નારાયણના નેતૃત્વમાં સમગ્ર ક્રાંતિમાં ભાગ લીધો હતો.

ઝારખંડના પ્રધાન સુરેશ પાસવાનની પુછપરછ થશે

તારા સહદેવ : રકીબુલના નિવાસ પર દરોડા પડાયા

રાંચી,તા. ૩૧

રાંચી પોલીસે આજે ભારે સનસનાટી મચાવનાર રાષ્ટ્રીય શૂટર તારા સહદેવના પતિ રણજીતકુમાર કોહલી ઉર્ફે રકીબુલ હુસૈનના આવાસ ઉપર વ્યાપક દરોડા પાડ્યા હતા. રકીબુલ હુસૈન ઉપર બળજબરીપૂર્વક ધર્માંતરણ કરવાનો આક્ષેપ મુકવામાં આવ્યો છે. દરોડા દરમિયાન ૩૬ સીમકાર્ડ મળી આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે. પોલીસને ૧૫ મોબાઈલ ફોન, બે સીપીયુ, એક પેનડ્રાઈવ, ચાર પ્રિન્ટર, કોર્ટના દસ્તાવેજો અને લગ્નની સિડી સહિતનો જથ્થો મળી આવ્યો હતો. કોહલીના બ્લેયર એપાર્ટમેન્ટથી સહદેવ સાથે તેના લગ્નની સીડી પણ કબજે કરવામાં આવી છે. જો કે, પોલીસે દાવો કર્યો છે કે, જે દસ્તાવેજો મળી આવ્યા છે તેનાથ એ બાબત સાબિત થતી નથી કે, તે સેક્સ રેકેટ ચલાવવામાં સીધીરીતે સંડોવાયેલો હતો. રાંચીના એસએસપી પ્રભાકુમારે માહિતી આપતા કહ્યું છે કે, હજુ સુધી સેક્સ રેકેટમાં તેની સંડોવણી હોવાના નક્કર પુરાવા મળ્યા નથી પરંતુ આ એંગલથી પણ તપાસ ચાલી રહી છે.

દરમિયાન આઈબી દ્વારા ઝારખંડના પ્રધાન સુરેશ પાસવાનની પુછપરછ કરવામાં આવે તેવી શક્યતા છે. સહદેવના પતિ રણજીતકુમાર કોહલી ઉર્ફે રકીબુલ હુસૈને ઝારખંડ પોલીસને એમ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે, તે કેટલાક હાઈપ્રોફાઈલ લોકો અને ટોચના અધિકારીઓને યુવતીઓ ઉપલબ્ધ કરાવવામાં સંડોવાયેલો હતો. પુછપરછ દરમિયાન શખ્સે એમ પણ કહ્યું હતું કે, મલ્ટીસ્ટોરી બિલ્ડિંગમાં બે ફ્લેટ અને રાંચીની એક હોટલમાં આ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવતી હતી. દરમિયાન ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને સહદેવને મળીને આ સમગ્ર મામલો સપાટી ઉપર આવ્યા બાદ ન્યાય અપાવવાની ખાતરી આપી છે. વધુ તપાસ માટે આ કેસ સીબીઆઈને પણ સોંપી દેવામાં આવ્યો છે. સહદેવે તેના પતિ સામે એફઆઈઆર દાખલ કરીને તેના ઉપર અત્યાચાર ગુજારવાનો આક્ષેપ કર્યો હતો.

રાજસ્થાન : ટ્રક-બસ ટકરાતા ૧૦ શ્રદ્ધાળુઓના કરૂણ મોત

જોધપુર,તા. ૩૧

રાજસ્થાનના પાલી જિલ્લામાં એક ટ્રક અને બસ સામસામે ધડાકા સાથે અથડાઈ જતાં ૧૦ શ્રદ્ધાળુઓના મોત થયા છે અને અન્ય ૩૪ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા છે જે પૈકી ૧૬ની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો ખુબ ઝડપથી વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. જિલ્લા મેજિસ્ટ્રેટ (પાલી) રોહિત ગુપ્તાએ માહિતી આપતા કહ્યું છે કે, ઉદયપુરના જુદા જુદા ગામોમાંથી શ્રદ્ધાળુઓ સાથેની આ બસ પોખરણ નજીક બાબા રામદેવના

મંદિરથી પરત ફરી રહી હતી. ત્યારે જ આ બનાવ બન્યો હતો. બસ પાલિ-ઉદયપુર બાયપાસ ઉપર માનીડા ગામ નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે આજે સવારે છ વાગે આ બનાવ બન્યો હતો. સામેથી આવતી ટ્રકે બસને ટક્કર મારી હતી. અકસ્માત એટલો પ્રચંડ હતો કે, છ યાત્રીઓના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા. અન્ય ચારના હોસ્પિટલમાં લઈ જતી વેળા મોત થયા હતા. ૧૬ શ્રદ્ધાળુઓને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ લોકોને જોધપુર લઈ જવામાં આવ્યા હતા. અન્ય ઘાયલ થયેલા લોકોને પાલીમાં બાંગર હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. પાલિ વહીવટીતંત્રએ માર્યાગયેલાઓના નજીકના સંબંધીને મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ૫૦-૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે. બસમાં ૪૫ યાત્રીઓ મુસાફરી કરી રહ્યા હતા. ટ્રક ડ્રાયવર ફરાર થઈ ગયો છે જ્યારે બસ ડ્રાયવરનું મોત થયું છે.

શેર-ડિબેન્ચરમાં બચત ૨૨ ટકા સુધી ઘટી ગઈ

નવીદિલ્હી,તા.૩૧

આરબીઆઈના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, હાઉસહોલ્ડ ફાઈનાન્સિયલ સેવિંગ રેટ અથવા તો પરિવારના નાણાંકીય બચતનો રેટ વર્ષ ૨૦૧૩-૧૪માં જીડીપીના ૭.૨ ટકા સુધી રહ્યો છે. પરિવાર દ્વારા થાપણમાં બચત આ વર્ષે એક ટ્રિલિયન સુધી પહોંચી ગઈ છે. આ આંકડો ૨૦૧૨-૧૩માં ૫.૯૧ ટ્રિલિયન રૂપિયાની સામે વર્ષ ૨૦૧૪માં ૬.૯૧ ટ્રિલિયન રૂપિયાનો હતો. શેર અને ડિબેન્ચરમાં બચત ૨૨ ટકા ઘટીને ૨૦૧૪માં ૩૩૭૦૦ કરોડ થઈ ગઈ છે જે અગાઉના નાણાંકીય વર્ષમાં ૪૩૦૦૦ કરોડ હતી. આવી જ રીતે એમએફમાં વ્યક્તિગતો દ્વારા બચત ૪૦ ટકા સુધી ઘટીને ૨૧૦૦૦ કરોડ સુધી થઈ ગઈ છે જે અગાઉ ૩૫૦૦૦ કરોડની હતી. આવી જ રીતે ચલણમાં બચત નવ ટકા ઘટીને ૧.૦૨ ટ્રિલિયન રૂપિયા થઈ ગઈ છે જે અગાઉ ૧.૧૨ ટ્રિલિયન રૂપિયા હતી.

પાકિસ્તાન : સરકાર વિરોધી પ્રદર્શનો રક્તરંજિત, ૮ મોત

ઈસ્લામાબાદ,તા. ૩૧

પાકિસ્તાનના પાટનગર ઈસ્લામાબાદમાં ચાલી રહેલા હિંસક વિરોધ પ્રદર્શનના કારણે આઠ લોકોના મોત થઈ ગયા છે અને ૪૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. પાકિસ્તાનના પાટનગર ઈસ્લામાબાદમાં સ્થિતિ વિસ્ફોટક બની ગઈ છે. દરમિયાન પાકિસ્તાની સરકારે મિડિયા ઉપર પ્રતિબંધ મુકવાના પ્રયાસો શરૂ કરી દીધા છે. ન્યુઝ ચેનલોને પાકિસ્તાન

હિંસક પ્રદર્શન રક્તરંજિત બનતા પાકિસ્તાનમાં કટોકટી વધુ ગંભીર બની ગઈ છે. દેખાવકારોએ પાકિસ્તાન સંસદને ઘેરી લઈને દેખાવો કર્યા હતા. સુરક્ષા દળો સાથે હિંસક અથડામણ થઈ હતી જેના પરિણામ સ્વરુપે હજુ સુધી આઠ લોકોના મોત થઈ ચુક્યા છે અને ૪૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. સરકારે અપીલ કરી છે કે, ઈસ્લામાબાદમાં ચાલી રહેલા આ ઘટનાક્રમના કવરેજ ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવે. આ અગાઉ આજે સવારે વડાપ્રધાન નવાઝ શરીફના ઘરમાં ઘુસણખોરી કરવાના પ્રયાસ કરી રહેલા દેખાવકારો ઉપર પોલીસે ગોળીબાર કર્યો હતો જેમાં સાત લોકોના મોત થયા છે. અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. દરમિયન પ્રદર્શનનું નેતૃત્વ કરી રહેલા પૂર્વ ક્રિકેટર અને લીડર ઈમરાન ખાને નિર્ણાયક લડાઈ લડવાની જાહેરાત કરી છે. હિંસા આજે સવારે એ વખતે શરૂ થઈ હતી જ્યારે ૨૫૦૦૦થી પણ વધારે દેખાવકારો સંસદથી વડાપ્રધાન નવાઝ શરીફના આવાસ તરફ આગેકૂચ કરી ગયા હતા. અહીં આ લોકોએ ક્રેનની સાથે બેરિકેડિંગ દૂર કરવાના પ્રયાસ કર્યા હતા. જવાબમાં પોલીસે ટિયરગેસના સેલ છોડ્યા હતા. બબ્બરની ગોળીઓ પણ છોડવામાં આવી હતી જેના કારણે દેખાવકારોમાં ભાગદોડ મચી ગઈ હતી. ઘણા લોકોને ગંભીર ઈજાઓ થઈ હતી. ઈમરાન ખાનનું કહેવું છે કે, નવાઝ શરીફ અનિયમિતતા સર્જીને ચૂંટણી જીતી ગયા હતા. બીજી બાજુ દુનિયાભરના નિરીક્ષકોનું કહેવું છે કે, ચૂંટણી વિશ્વસનીયતાથી થઈ હતી. બીજી બાજુ ધર્મગુરુ તાહીર ઉલ કાદરી ભ્રષ્ટાચારના મુદ્દા ઉપર લડત ચલાવી રહ્યા છે. દરમિયાન રેલવે પ્રધાન ખ્વાજા સાદરફીકનું કહેવું છે કે, દેખાવકારોએ પીએમ આવાસના દરવાજાને તોડી પાડવાના પ્રયાસો કર્યા છે. દેખાવકારો વચ્ચે આતંકવાદીઓ પણ છે. મહિલાઓ પણ છે જેમને હથિયારોની ટ્રેનિંગ આપવામાં આવી છે. ઈમરાન ખાને કહ્યું છે કે, અમે છેલ્લે સુધી સરકારની સામે પ્રદર્શન કરતા રહીશું. દેશભરમાં પ્રદર્શન કરવામાં આવશે. નવાઝ શરીફની મુશ્કેલી સતત વધી રહી છે.

સમાચાર ઝલક

- પટનામાં પોલીસનો ભારે લાઠીચાર્જ.
- કચ્છ-સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ થયો. ૬૨ ટકા સરેરાશ વરસાદ નોંધાયો.
- સુરેન્દ્રનગરના ધોળીધજા ડેમમાં પાંચ મહિલાઓ ડુબી.
- સુરતમાં હીરાના વેપારીનું ૫૦ કરોડનું ઉઠમણું કરી વેપારી લાપતા બન્યો.
- ભારતનું દેવું વધીને ૪૪૦ અબજ ડોલરે પહોંચ્યું.
- છોટા ઉદેપુર નજીક હાથીની સુંઢ પકડવા જનારને હાથીએ કચડી માર્યો. લોકોમાં રોષ.
- રાત્રે અમદાવાદમાં પેટ્રોલીંગ વાનમાં પોલીસ કર્મચારીઓ નિંદ્રામાં હોય તેવા અનેક બનાવો.
- અમદાવાદ વેજલપુર વિસ્તારમાં ગેસ પાઈપ લાઈન લીકેજ થતાં દોડધામ.
- ફિલ્મ નિર્માતા રામગોપાલ વર્માની ગણેશ ભગવાન વિષે ટિપ્પણી બદલ ધરપકડ.
- અમદાવાદમાં દરરોજ બેંક ખાતા નંબર અને એટીએમ નંબર મેળવી થતી છેતરપીંડી.
- મુંબઈ-દિલ્હીમાં મુશળધાર વરસાદ.
- આગામી બે દિવસ સુધી વરસાદી માહોલ રહેશે.

નિષ્ફળતાને લઈ ભયભીત નથી : દિપીકાનો અભિપ્રાય

મુંબઈ,તા. ૩૧

બોલીવુડની હાલમાં નંબર વન અભિનેત્રી સ્થાન ધરાવનાર દિપીકાનું કહેવું છે કે, તે નિષ્ફળતાને લઈને બિલકુલ પણ ભયભીત નથી. કારણ કે કોઈપણ કલાકારની કેરિયર હંમેશા શિખર ઉપર રહી શકે નહીં. કોઈપણ કલાકાર સતત સફળતા પણ મેળવી શકે નહીં. રેસ-૨, યે જવાની યે દિવાની, ચેન્નાઈ એક્સપ્રેસ, ગોલિયો કી રાસલીલા જેવી ફિલ્મોની સફળતા બાદ દિપીકા ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ટોચની અભિનેત્રીઓમાં સ્થાન

મેળવી ચુકી છે. તેનું કહેવું છે કે, તે વધુને વધુ ફિલ્મો કરવા માટે ઈચ્છુક છે. સફળતા અને નિષ્ફળતાને લઈને ચિંતિત નથી. તેનું કહેવું છે કે, છેલ્લા ગાળામાં જે પણ સફળતા મળી છે તે સખત પરિશ્રમના કારણે મળી છે. છેલ્લા બે ત્રણ વર્ષમાં જે કંઈ પણ ફિલ્મો હાથ લાગી છે તેમાં સારી ભૂમિકા મળી છે. આ તમામ ભૂમિકા એક બીજા કરતા અલગ પણ રહી છે. ભાવનાત્મકરીતે આ ફિલ્મો કર્યા બાદ તે હવે ખુબ રાહતનો અનુભવ કરી રહી છે. તેનું કહેવું છે કે, એક દિવસ ચોક્કસપણે નિષ્ફળતા પણ હાથ લાગશે જેથી આ તબક્કાને લઈને તે ચિંતિત નથી. લોકોને કેટલીક ફિલ્મો પસંદ પડે છે કેટલીક ફિલ્મો પસંદ પડતી નથી પરંતુ લોકોની પસંદગીના આધાર પર જ કલાકારોની કેરિયર આધારિત હોય છે. ચાહકો પહેલા તેની ફિલ્મો જોવાનું પસંદ કરતા ન હતા પરંતુ હવે તેની ફિલ્મો જોવા લાગ્યા છે. કેરિયર હંમેશા શિખર ઉપર રહી શકે નહીં પરંતુ છેલ્લા સમયથી તે હવે ટોચના લોકોમાં મેળવી શકી છે. તેની પાસે મોટા બજેટની ફિલ્મો પણ આવી રહી છે. હવે શાહરુખ ખાન સાથે હેપ્પી ન્યુયર ફિલ્મમાં દિપીકા નજરે પડનાર છે. આ ફિલ્મ દિવાળી પર દેશભરમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે, ચેન્નાઈ એક્સપ્રેસની સફળતા બાદ આ ફિલ્મને પણ સફળતા મળશે તેમ તેઓ માને છે.

ધોનીના નામ ઉપર અનેક નવા રેકોર્ડ

અઝહરના સૌથી વધુ વનડે જીતના વિક્રમની બરોબરી

નવીદિલ્હી,તા. ૩૧

ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ પોતાની કેરિયરમાં વધુ એક સિદ્ધિ ઉમેરી દીધી છે. ભારત તરફથી કેપ્ટન તરીકે સૌથી વધુ વનડે મેચ જીતવાના અઝહરુદ્દીનના રેકોર્ડ સુધી તે પહોંચવામાં સફળ થઈ ગયો છે. ભારતીય કેપ્ટને મર્યાદિત ઓવરના ફોર્મેટમાં ઘણી સફળતા હાંસલ કરી છે. ગઈકાલે ટ્રેન્ટબ્રિજ ખાતે ઈંગ્લેન્ડ ઉપર ભારતે છ વિકેટે શાનદાર જીત મેળવી હતી. આની સાથે જ પાંચ વનડે મેચોની શ્રેણીમાં ૨-૦ની લીડ મેળવી લીધી હતી. ધોનીએ આ મેચ જીતી લીધા બાદ ભારતના ભૂતપૂર્વ કેપ્ટન મોહમ્મદ અઝહરુદ્દીનના ૯૦ વનડે મેચો જીતવાના રેકોર્ડની પણ બરોબરી કરી લીધી હતી. અઝહરુદ્દીન અને મહેન્દ્રસિંહ ધોની હવે ભારત તરફથી સૌથી વધુ વનડે મેચો જીતનાર કેપ્ટન બની ગયા છે. આંકડાઓ ઉપર ધ્યાન આપવામાં આવે તો અઝહરુદ્દીને ૧૯૯૦થી

૧૯૯૯ના ગાળા દરમિયાન નવ વર્ષમાં ૧૭૪ મેચોમાં આ સિદ્ધિ મેળવી હતી જ્યારે ધોનીએ સાત વર્ષના ગાળામાં ૧૬૧ મેચો રમીને આ સિદ્ધિ હાંસલ કરી છે. મહેન્દ્રસિંહ ધોની હવે ભારતને ૧૦૦ વનડે મેચો જીતાડનાર દેશના પ્રથમ કેપ્ટન બનવાની દિશામાં આગળ વધી રહ્યો છે. વનડેમાં ઈંગ્લેન્ડ સામે કેપ્ટન તરીકે ધોનીનો રેકોર્ડ ખુબ જ અસામાન્ય રહ્યો છે. ૧૬ મેચોમાં જીત મેળવી છે અને પાંચમાં હારનો સામનો કર્યો છે. મહેન્દ્રસિંહ ધોનીની જીતની ટકાવારી ૭૩.૯૧ની રહી છે. ટેન્ટબ્રિજની જીત ઈંગ્લેન્ડમાં ભારતની સતત સાતમી જીત હતી. ગયા વર્ષે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની સફળતાની શરૂઆત થઈ હતી જે હજુ પણ જારી રહી છે. ધોનીએ વિકેટ કીપર તરીકે પણ શનિવારે એક સફળતા મેળવી હતી. હવે તે સૌથી વધુ સ્ટમ્પિંગ કરનાર વિકેટકીપર બની ગયો છે તે ૧૩૧ સ્ટમ્પિંગ કરી ચુક્યો છે જે સાંગાકારાના ૧૨૯ સ્ટમ્પિંગ કરતા વધુ છે. ધોનીએ આ સિદ્ધિ ૩૮૧ મેચોમાં મેળવી છે.